ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

મણિપુરમાં નાગા સમુદાયના ગામ પર હુમલો, 2નાં મોત

ઈમ્ફાલ, તા. 14 (પીટીઆઈ): મણિપુરના કાંગપોકપી જિલ્લામાં શુક્રવારે બંદૂકધારીઓએ એક નાગા ગામ પર હુમલો કર્યો હતો જેમાં 2 લોકોનાં મોત થયાં હતાં અને 2 અન્ય ઘાયલ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, અત્યાધુનિક હથિયારોથી સજ્જ શંકાસ્પદ ઉગ્રવાદીઓએ સવારે લગભગ 8 વાગ્યે લાંકા નાગા ગામમાં અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. મૃતકોની ઓળખ ડબ્લુ ચાવાંગ (34) અને કે અબોનમાઈ (55) તરીકે થઈ છે. ચાવાંગને માથામાં ગોળી વાગતાં ઘટનાસ્થળે જ તેમનું મોત થયું હતું, જ્યારે અબોનમાઈએ હોસ્પિટલ લઈ જતી વખતે દમ તોડી દીધો હતો. હુમલામાં ઘાયલ થયેલા 2 ગ્રામજનોને ઇમ્ફાલની RIMS હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હુમલા બાદ ગામના સ્વયંસેવકોએ જવાબી કાર્યવાહી કરી હતી. આ ઘટના પહેલાં મંગળવારે રાત્રે જિલ્લામાં આવેલા ટોકપા

...અનુસંધાન પાના 7 પર

હું છું ગુજરાતમિત્ર

૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે 'ગુજરાત મિત્ર' અખબાર કેવું દેખાતું હતું?

દેશ જ્યારે આઝાદ થયો, એ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનેલા અખબારના એ જ મૂળ પાનાં, એ જ શાહી અને એ જ શબ્દોને આજે પણ જીવંત જુઓ!

સ્કેન કરો QR કોડ અને માણો આઝાદી સાથેની આ ખાસ સફર!

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ ત્રીજ શનિવાર ૧૫ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૫૧

પાનાં ૧૨+II+૧૨ કિંમત ₹ ૫.૦૦

દેશ ઉજવશે આજે 80મો સ્વતંત્રતા દિવસ

લાલ કિલ્લા પર પ્રથમવાર ગુંજશે 'વંદે માતરમ્'

80મા સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણીમાં પીએમ મોદી કરશે ધ્વજવંદન

2,500 NCC કેડેટ્સ સાથે રાષ્ટ્રીય ગીતનું સામૂહિક ગાન

દેશભક્તિનો માહોલ વધારવા દેશભરમાં 343 મહત્વપૂર્ણ સ્થળોએ બેન્ડ પરફોર્મન્સ યોજાશે

નવી દિલ્હી, તા. 14 (PTI): 15 ઓગસ્ટે દેશ 80મો સ્વતંત્રતા દિવસ ઉજવશે. લાલ કિલ્લા પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી મુખ્ય સમારોહનું નેતૃત્વ કરશે. દેશભરમાં રાષ્ટ્રભક્તિના માહોલ વચ્ચે ધ્વજવંદન, સાંસ્કૃતિક કાર્યક્રમો અને કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ઉજવણી થશે. આ વર્ષે પ્રથમ વખત લાલ કિલ્લાના સ્વતંત્રતા દિવસ સમારોહમાં રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્'નું સામૂહિક ગાન કરવામાં આવશે.

રક્ષા મંત્રાલય અનુસાર આ કાર્યક્રમ 'વંદે માતરમ્'ની 150 વર્ષની ગૌરવશાળી વિરાસતની ઉજવણી સાથે 2047 સુધી વિકસિત ભારતના નિર્માણમાં યુવા શક્તિની ભૂમિકાને પણ સમર્પિત રહેશે. વડા પ્રધાન લાલ કિલ્લા પહોંચશે ત્યારે રક્ષા મંત્રી રાજનાથ સિંહ, તેમના ઉપમંત્રી સંજય સેઠ અને રક્ષા સચિવ રાજેશ કુમાર સિંહ તેમનું સ્વાગત કરશે.

ત્યારબાદ વડા પ્રધાન ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કરશે. આ ગાર્ડમાં સેના, નૌકાદળ, વાયુસેના અને દિલ્હી પોલીસના 1-1 અધિકારી તથા 24-24 જવાનો હશે. આ વર્ષે સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે ભારતીય સૈન્ય સંકલનકારી દળ છે. ગુરુવારે લાલ કિલ્લા ખાતે કાર્યક્રમની ફુલ-ડ્રેસ રિહર્સલ યોજાઈ હતી.

વડા પ્રધાન લાલ કિલ્લાની પ્રાચીર પરથી રાષ્ટ્રધ્વજ ફરકાવશે. કેપ્ટન સોનિયા સિંહ ચૌહાણ તેમને ધ્વજવંદનમાં સહાય કરશે અને આ સાથે 1721 ફીલ્ડ બેટરીની 21 તોપોની સલામી આપવામાં આવશે. સ્વદેશી 105 એમએમ લાઇટ ફિલ્ડ ગન્સથી આ સલામી અપાશે. ધ્વજ ફરકાવ્યા બાદ 'વંદે માતરમ્'ની ધૂન વગાડવામાં આવશે અને ત્યારબાદ રાષ્ટ્રગાન થશે.

ધ્વજવંદન સમયે ભારતીય વાયુસેનાના 2 Mi-17 હેલિકોપ્ટર સ્થળ પર પુષ્પવર્ષા કરશે. ત્યારબાદ વડા પ્રધાન દેશને સંબોધન કરશે. ભાષણ પૂર્ણ થયા બાદ 2,500 NCC કેડેટ્સ અને માય ભારત સ્વયંસેવકો 'વંદે માતરમ્'નું ગાન કરશે અને ત્યારબાદ રાષ્ટ્રગાન થશે.

આ વર્ષે લાલ કિલ્લા પર ઉજવણી નિહાળવા વિવિધ ક્ષેત્રોમાંથી લગભગ 5,000 વિશેષ મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું છે. તેમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના સ્વયંસેવકો, પીએમ મુદ્રા યોજનાની મહિલા ઉદ્યોગસાહસિકો, શ્રેષ્ઠ માય ભારત સ્વયંસેવકો, PMAY(U) ના શ્રેષ્ઠ લાભાર્થીઓ અને પીએમ એસવીએ નિધી હેઠળના સ્ટ્રીટ વેન્ડર્સનો સમાવેશ થાય છે. દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી પરંપરાગત ભારતીય વસ્ત્રોમાં સજ્જ 1,500થી વધુ લોકોને પણ આમંત્રણ અપાયું છે. દેશભક્તિનો માહોલ વધારવા દેશભરમાં 343 મહત્વપૂર્ણ સ્થળોએ બેન્ડ પરફોર્મન્સ પણ યોજાશે.

દિલ્હીમાં ચુસ્ત સલામતી વ્યવસ્થા

સ્વતંત્રતા દિવસની શાંતિપૂર્ણ અને સુરક્ષિત ઉજવણી માટે દિલ્હી પોલીસ અને દેશની વિવિધ સુરક્ષા એજન્સીઓ દ્વારા સમગ્ર પાટનગરમાં અભૂતપૂર્વ અને સુદ્રઢ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. લાલ કિલ્લા અને તેની આસપાસના વિસ્તારોમાં 5,000 થી વધુ સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. આ વખતે સુરક્ષા વ્યવસ્થામાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ટેકનોલોજી અને ફેશિયલ રેકગ્નિશન સિસ્ટમ ધરાવતા હજારો CCTV કેમેરાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેથી શંકાસ્પદ કે ગુનાહિત ઇતિહાસ ધરાવતા તત્વો પર ત્વરિત નજર રાખી શકાય. સમગ્ર વિસ્તારમાં ડ્રોન અને અન્ય એરિયલ પ્લેટફોર્મ માટે 'નો-ફ્લાઇંગ ઝોન' જાહેર કરવામાં આવ્યો છે. ટ્રાફિક વ્યવસ્થા સાચવવા માટે 2,400 ટ્રાફિક કર્મચારીઓ અને ઉચ્ચ અધિકારીઓ તૈનાત રહેશે. શુક્રવારે રાત્રે 10 વાગ્યાથી શનિવારે સવારે 11 વાગ્યા સુધી દિલ્હીની સીમાઓ પર ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત હોટેલ્સ, ગેસ્ટ હાઉસ, રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ અને મેટ્રો સ્ટેશનો પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. દિલ્હી પોલીસ કમિશનરે તમામ આંતરરાજ્ય સુરક્ષા એજન્સીઓ સાથે બેઠક યોજીને સુરક્ષા વ્યવસ્થાની આખરી સમીક્ષા કરી છે.

■ ભારતીય સેનાએ ગુરુવારે લડાખના ઝાંસ્કાર જિલ્લાના મુખ્ય મથક પદુમ ખાતે ૧૦૦ ફૂટ ઊંચો રાષ્ટ્રધ્વજ સ્થાપિત કર્યો હતો. આ દુર્ગમ વિસ્તારના લોકોમાં દેશભક્તિ, રાષ્ટ્રીય એકતા અને નાગરિક ગૌરવની ભાવના પ્રોત્સાહિત કરવાના હેતુથી આ પગલું ભરવામાં આવ્યું છે. લેહ સ્થિત સંરક્ષણ પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ઝાંસ્કારના મનોરમ દ્રશ્યો વચ્ચે સ્થાપિત કરવામાં આવેલો આ ઊંચો ત્રિરંગો ખૂબ જ દૂરથી પણ જોઈ શકાય છે અને તે સ્થાનિક રહેવાસીઓ તેમજ પ્રવાસીઓ માટે એક મોટું ઓળખચિહ્ન બની રહેવાની ધારણા છે. સ્વતંત્રતા દિવસની ઉજવણીની પૂર્વસંધ્યાએ ભારતીય સેનાની ૮મી માઉન્ટેન ડિવિઝન દ્વારા આ ૧૦૦ ફૂટ ઊંચા રાષ્ટ્રધ્વજની સ્થાપના અને ઉદ્ઘાટન કરવાના પ્રસંગે સમાજ સેવક સુલ્ત્રીમ ચોન્જોર, સેના અને જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ તથા અગ્રણી બૌદ્ધ સાધુઓ પણ હાજર રહ્યા હતા.

45% ભારતીયો અમેરિકા પ્રત્યે હકારાત્મક, જ્યારે પાકિસ્તાનમાં 90% લોકો ચીનની તરફેણમાં

ભારતીયો, પાકિસ્તાનીઓ એકબીજાને સૌથી મોટો ખતરો માને છે: સર્વેક્ષણ

૫૪ ટકા ભારતીયો પાકિસ્તાનને જ્યારે ૨૧ ટકા ભારતીયો ચીનને સૌથી મોટું જોખમ માને છે

૪૩ ટકા પાકિસ્તાનીઓ ભારતને સૌથી મોટું જોખમ માને છે, માત્ર ૨૪ ટકા પાકિસ્તાનીઓ ઇઝરાયેલને મોટું જોખમ માને છે

36% ભારતીયો માટે રશિયા સૌથી મોટો મિત્ર, તો 75% પાકિસ્તાનીઓ ચીનના પક્ષમાં

વોશિંગ્ટન, તા. 14 (PTI): એક નવા સર્વેક્ષણમાં સામે આવ્યું છે કે ભારતીયો અને પાકિસ્તાનીઓનો મોટો વર્ગ એકબીજાને તેમનું સૌથી મોટું જોખમ માને છે, જે બંને પાડોશી દેશો વચ્ચેના ઊંડા મૂળિયાં ધરાવતા અવિશ્વાસને દર્શાવે છે.

અમેરિકન થિંક ટેન્ક 'પ્યુ રિસર્ચ'ના સર્વે અનુસાર, ભારતમાં સર્વેક્ષણમાં સામેલ ૫૪ ટકા પુખ્ત વયના લોકોએ પાકિસ્તાનને તેમનું સૌથી મોટું ભૂ-રાજકીય જોખમ ગણાવ્યું હતું, ત્યારબાદ ૨૧ ટકા સાથે ચીન બીજા ક્રમે આવે છે. તેવી જ રીતે, ૪૩ ટકા પાકિસ્તાનીઓ ભારતને તેમનું સૌથી મોટું જોખમ માને છે, જ્યારે ઇઝરાયેલ અને ચીન માટે ૨૪-૨૪ ટકા લોકો સમાન વિચાર ધરાવે છે. પાકિસ્તાનીઓ સ્પષ્ટપણે ચીન (૭૫ ટકા)ને તેમના સૌથી મહત્વપૂર્ણ મિત્ર દેશ તરીકે દર્શાવે છે અને ઓછી માત્રામાં સાઉદી અરેબિયા (૧૨ ટકા)નું નામ લે છે. લગભગ એક તૃતીયાંશ ભારતીયો કહે છે કે રશિયા તેમનું મુખ્ય સહયોગી છે (૩૬ ટકા), જ્યારે ૧૬ ટકા અમેરિકાનું નામ લે છે. આશરે એક તૃતીયાંશ ભારતીયોએ આ પ્રશ્નનો જવાબ આપ્યો ન હતો.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીર વચ્ચેની આત્મીયતા છતાં, માત્ર ૧૫ ટકા પાકિસ્તાનીઓ જ અમેરિકા પ્રત્યે સાનુકૂળ અભિપ્રાય ધરાવે છે. જ્યારે વિશાળ બહુમતી એટલે કે ૯૦ ટકા લોકો ચીન પ્રત્યે હકારાત્મક વલણ

...અનુસંધાન પાના 7 પર

નાલસાર વિવાદ: BCIની મનમાની સામે ચીફ જસ્ટિસ લાલઘૂમ

વિદ્યાર્થીઓને વિરોધ કરવાનો હક: ચીફ જસ્ટિસ

હું પોતે પણ મારા વિદ્યાર્થીકાળમાં વિદ્યાર્થી પ્રવૃત્તિઓમાં સક્રિયપણે સંકળાયેલો હતો: સૂર્ય કાંત

પદવીદાન સમારંભ માટે CJIને આમંત્રણ આપવા સામે વિરોધ કરવા બદલ આ યુનિવર્સિટીના સ્નાતકોની નોંધણી નહીં કરવાના BCIએ રાજ્યોની બાર કાઉન્સિલોને જારી કરેલા આદેશને પડકારતી અરજી સુપ્રીમે હાથ ધરી

નવી દિલ્હી, 14 (PTI): "આ વિદ્યાર્થીઓ અને મારી વચ્ચેનો સંવાદ છે," એમ ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંતે શુક્રવારે હૈદરાબાદની નાલસાર યુનિવર્સિટી ઓફ લોના ૨૦૨૬ના સ્નાતકોને તેમની પ્રસ્તાવિત કેમ્પસ મુલાકાત સામેના વિરોધ બાદ એડવોકેટ તરીકે નોંધણી ન કરવાના બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા(BCI) ના આદેશની સખત ટીકા કરતા કહ્યું હતું.

વિદ્યાર્થીઓને વિરોધ કરવાનો અધિકાર છે, તેવું CJIની આગેવાની હેઠળની બેન્ચે BCI દ્વારા તમામ રાજ્ય બાર કાઉન્સિલોને આગામી આદેશ સુધી યુનિવર્સિટીના ૨૦૨૬ના કોઈપણ સ્નાતકની નોંધણી ન કરવાના નિર્દેશ આપ્યાના એક દિવસ પછી કહ્યું હતું. સોશિયલ મીડિયા પર થયેલા ભારે વિરોધ બાદ આ આદેશ થોડા જ કલાકોમાં પાછો ખેંચી લેવામાં

...અનુસંધાન પાના 7 પર

વસ્તી ગણતરી માટેના ૪૦ પ્રશ્નો સરકારે જાહેર કર્યા

જ્ઞાતિ આધારિત માહિતી પહેલીવાર મેળવવામાં આવશે

બરફ વર્ષાની સંભાવના ધરાવતા વિસ્તારોમાં સૌથી પહેલી વસ્તી ગણતરી ૧ સપ્ટેમ્બરથી શરૂ થઇ જશે

આધાર, પાસપોર્ટ અને બેંક ખાતા સહિતની વિગતો પણ પૂછાશે

નવી દિલ્હી, તા. 14 (PTI): કેન્દ્ર સરકારે શુક્રવારે વસ્તી ગણતરીના તબક્કા દરમિયાન ઉત્તરદાતાઓને પૂછવામાં આવનારા 40 પ્રશ્નો જાહેર કર્યા છે. જેમાં પ્રથમ વખત જાતિ અંગેના પ્રશ્નોનો પણ સમાવેશ થાય છે. આ વસ્તી ગણતરી બરફ પડવાની સંભાવના ધરાવતા વિસ્તારોમાં 1 સપ્ટેમ્બરથી શરૂ થવાની છે.

ભારતના રજિસ્ટ્રાર જનરલ મૃત્યુંજય કુમાર નારાયણના આદેશમાં એવા પ્રશ્નો નોટિફાય કરવામાં આવ્યા છે કે શું વ્યક્તિ અનુસૂચિત જાતિ(SC) કે અનુસૂચિત જનજાતિ(ST)થી સંબંધિત છે અને તેમની જાતિ કઈ છે. આ મહિનાની

...અનુસંધાન પાના 7 પર

ક્યા પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવી શકે છે?

ઉત્તરદાતાઓને તેમની વ્યક્તિગત વિગતો પૂછવામાં આવશે, જેમ કે વૈવાહિક સ્થિતિ, લગ્ન સમયે ઉમર, જીવનસાથીનું નામ, રાષ્ટ્રીયતા, ધર્મ, અનુસૂચિત જાતિ (SC)/અનુસૂચિત જનજાતિ (ST), જાતિ, માતાપિતાની વિગતો, દિવ્યાંગતા, માતૃભાષા અને અન્ય જાણીતી ભાષાઓ, સાક્ષરતા અને ડિજિટલ સાક્ષરતાની સ્થિતિ વગેરે. આ ઉપરાંત, ઉત્તરદાતાઓને શિક્ષણ સંસ્થામાં હાજરી, સર્વોચ્ચ શૈક્ષણિક સ્તર, પ્રવાહ, વિષય, શું તેઓ છેલ્લા એક વર્ષ દરમિયાન કોઈપણ સમયે કામ કરતા હતા, આર્થિક પ્રવૃત્તિની શ્રેણી, વ્યવસાય, ઉદ્યોગ, વેપાર કે સેવાની પ્રકૃતિ, કામદારનો પ્રકાર અને શું તેઓ બિન-આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા છે (સીમાંત, અર્ધ-સીમાંત અને બિન-કામદારો માટે) તે અંગે પણ પૂછવામાં આવશે. તેમાં જણાવાયું છે કે, ગણતરીકારો ઉત્તરદાતાઓનું જન્મસ્થળ, છેલ્લા રહેઠાણનું સ્થળ, સ્થળાંતરનું કારણ, છેલ્લા સ્થળાંતર પછી આ ગામ/શહેરમાં રોકાણનો સમયગાળો અને કાયમી રહેઠાણનું સરનામું પણ પૂછશે. હાલમાં પરિણિત, વિધવા, છૂટાછેડા લીધેલ અને અલગ રહેતી મહિલાઓને હાલમાં જીવિત બાળકોની સંખ્યા,

...અનુસંધાન પાના 7 પર

હોર્મુઝમાંથી પસાર થતા UAEના બે તેલવાહક જહાજો પર હુમલો

જાનહાનિ નહીં, યુએઇ સરકારે ઇરાનને જવાબદાર ગણાવ્યું

ગાઝામાં સંઘર્ષના અંત માટે ટ્રમ્પના જમાઇ કુશ્નર મધ્ય-પૂર્વની મુલાકાતે જશે

દુબઈ, તા. 14 (AP): સંયુક્ત આરબ અમીરાત(UAE)એ ઈરાન પર આરોપ લગાવ્યો છે કે તેણે પર્શિયન ગલ્ફને ખુલ્લા સમુદ્ર સાથે જોડતી મહત્વપૂર્ણ હોર્મુઝની સમુદ્રધૂનીમાંથી પસાર થઈ રહેલા તેની સરકારી માલિકીની તેલ કંપનીના બે ટેન્કરો પર ડ્રોન હુમલા કર્યા છે. શુક્રવારે UAEએ આ હુમલાઓને ચાંચિયાગીરીનું કૃત્ય ગણાવ્યું હતું.

અબુ ધાબીની રાજ્ય સંચાલિત ઓઇલ અને ગેસ કંપની 'ADNOC' એ જણાવ્યું હતું કે, ગુરુવારે સાંજે હોર્મુઝની સમુદ્રધૂનીમાંથી પસાર થતી વખતે તેના માલિકીના બે ટેન્કરો પર હુમલો કરવામાં આવ્યો હતો. કંપનીએ ઉમેર્યું હતું કે આ હુમલામાં કોઈને ઈજા થઈ નથી અને પરિસ્થિતિને કાબૂમાં લેવામાં આવી છે. UAEના વિદેશ મંત્રાલયે આ હુમલાઓ માટે ઈરાનને જવાબદાર ઠેરવ્યું છે અને કહ્યું છે કે આ વહાણવટાની સ્વતંત્રતાના સંયુક્ત રાષ્ટ્રોના સિદ્ધાંતોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. આ અંગે ઈરાન તરફથી તરત જ કોઈ પ્રતિક્રિયા આવી નહોતી.

કબ્જા હેઠળના વેસ્ટ બેંકમાં કાર્યકરોએ કૂચ કરી હતી અને છેલ્લા કેટલાક દિવસોથી ઈઝરાયેલી સેટલર્સ દ્વારા ઘેરાબંધી હેઠળ રહેલા પેલેસ્ટાઈનીઓ સુધી ખોરાક અને પાણી પહોંચાડ્યું હતું. બીજી બાજુએ યમનના સૈન્યએ જણાવ્યું હતું કે ઈરાન સમર્થિત બળવાખોરો સાથે ચાલુ લડાઈ વચ્ચે તેના દળોએ શુક્રવારે

...અનુસંધાન પાના 7 પર

તા. ૧૪-૦૮-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો ૨૨.૦ મીમી	મોસમનો ૧૬૫૦ મીમી
ઉકાઈ	સપાટી આજની ૩૩૪.૮૮ ફૂટ	આઉટફ્લો ૨૩,૧૨૦ ક્યુસેક

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૨૮.૯ સે.	૨૩.૯ સે.	૮૯%

જે.પી. નડ્ડાને એઈમ્સમાં દાખલ કરાયા, એન્જિયોગ્રાફી થઈ

નવી દિલ્હી, તા. 14 (PTI): કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાને અસ્વસ્થતા અનુભવાયા બાદ દિલ્હીની એઈમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હોસ્પિટલ દ્વારા શુક્રવારે આ અંગે માહિતી આપવામાં આવી હતી. એઈમ્સના જણાવ્યા અનુસાર, નડ્ડાને 13 ઓગસ્ટની સાંજે અસ્વસ્થતા અનુભવાઈ હતી, ત્યારબાદ તેમની જરૂરી તબીબી તપાસ કરવામાં આવી હતી. હોસ્પિટલમાં દાખલ થયા બાદ તેમની

...અનુસંધાન પાના 7 પર